# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-03-2024 સવારે : 7.45 થી 7.55

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર **અંકિત પ્રજાપતિ** વાંચે છે.

**************************************************

1. દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો - ચોથી જૂને મતગણતરી યોજાશે
2. કેટલાંક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી અને પેટાચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત કરાઇ
3. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત બાદ ચૂંટણી પંચે આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓના અસરકારક અમલ માટે નિર્દેશો જારી કર્યા છે.
4. નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આજે 23 રાજ્યોમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાના મૂલ્યાંકન કસોટી – FLNAT યોજાશે.
5. મહિલા પ્રીમિયર લીગની ફાઇનલ મેચમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને દિલ્લી કેપિટલ્સ વચ્ચે મુકાબલો થશે

**************************************************

(આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો – ન્યૂઝ બ્રેક)

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા – સમાચારને અંતે)

# ECI- LOK SABHA POLLS -01

ચૂંટણી પંચે આગામી લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ ગઈકાલે જાહેર કર્યો છે. આ ચૂંટણીઓ સાત તબક્કામાં યોજાશે. ચોથી જૂને મતગણતરી થશે. પ્રથમ તબક્કામાં 102 લોકસભા બેઠકો પર આગામી મહિનાની 19 તારીખે મતદાન થશે. બીજા તબક્કામાં 89 બેઠકો માટે 26 એપ્રિલે, ત્રીજા તબક્કામાં 94 બેઠકો માટે 7 મે, ચોથા તબક્કામાં 96 બેઠકો માટે 13 મે, પાંચમા તબક્કામાં 49 બેઠકો ઉપર 20 મેના રોજ મતદાન થશે, જ્યારે છઠ્ઠા તબક્કામાં 57 બેઠકો પર 25 મે તથા સાતમા અને અંતિમ તબક્કામાં 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન થશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે કાર્યક્રમની જાહેરાત સાથે જ ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. દેશમાં 97 કરોડ નોંધાયેલા મતદારો છે. મતદાન માટે દોઢ કરોડ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે જ્યાં દોઢ કરોડ ચૂંટણી કર્મચારીઓ તૈનાત રહેશે. તેમણે કહ્યું કે આ ચૂંટણીઓમાં 1 કરોડ 82 લાખ મતદાતાઓ હશે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. શ્રી કુમારે કહ્યું કે આયોગ 85 વર્ષથી વધુ ઉંમરના લોકો અને વિકલાંગોને ઘરેથી મતદાન કરવાની સુવિધા આપશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, ચૂંટણીમાં હિંસા થશે તો પંચ કડક કાર્યવાહી કરશે. સંબંધિત અમલીકરણ એજન્સીઓને દારૂ, રોકડ, ડ્રગ્સ અને અન્ય પ્રકારની લલચાવનારી વસ્તુઓના વિતરણ પર નિયંત્રણ રાખવા માટે સૂચના આપવામાં આવી છે.

# ECI- LOK SABHA POLLS -02

તેમણે કહ્યું કે કમિશને રોકડના ટ્રાન્સફર પર ચાંપતી નજર રાખવાની સૂચનાઓ પણ આપી છે. વર્તમાન લોકસભાનો કાર્યકાળ આ વર્ષે 16 જૂને પૂરો થઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનરે સિક્કિમ, ઓડિશા, આંધ્રપ્રદેશ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત કરી હતી.

.................................

રિપીટ (સાંજની)

# FLNAT EXAM

નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આજે 23 રાજ્યોમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાના મૂલ્યાંકન કસોટી – FLNAT યોજાશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે કહ્યું છે કે, લગભગ 37 લાખ વિદ્યાર્થીઓ આ મહત્વપૂર્ણ દેશવ્યાપી મૂલ્યાંકન પરીક્ષામાં ભાગ લેશે. FLNAT તમામ સહભાગી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવશે. મૂલ્યાંકન કસોટી ત્રણ વિષયોને વાંચન, લેખન અને સંખ્યા જ્ઞાનને આવરી લે છે.

મંત્રાલયે કહ્યું છે કે, આ પરીક્ષા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના આધારે તમામ વિદ્યાર્થીઓની પ્રાદેશિક ભાષાઓમાં લેવામાં આવશે. આ વખતે ચંદીગઢ, પુડુચેરી, લક્ષદ્વીપ અને ગોવા FLNAT દ્વારા 100 ટકા સાક્ષરતા જાહેર કરી શકે છે. નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આયોજિત શિક્ષણ-અધ્યયન સત્રોની અસરનું મૂલ્યાંકન કરવા માટે આ કસોટી મહત્વપૂર્ણ છે.

આ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને પાયાની સાક્ષરતા અને સંખ્યાના કૌશલ્યોની પ્રાપ્તિ અંગે પ્રમાણપત્રો આપવામાં આવશે.

..................................

રિપીટ (સાંજની)

# PM SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વ અનિશ્ચિતતાના વમળમાં ફસાયું હોવા છતાં ભારત ઝડપી ગતિએ વિકાસ કરવાનું ચાલુ રાખશે. દિલ્હીમાં ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં શ્રી મોદીએ કહ્યું કે, 'રાષ્ટ્રનો મૂડ' ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાનો છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ હેડલાઇન્સ પહોંચાડવાનું કામ નથી કરતાં, પરંતુ ડેડલાઇન પર કરે છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે વર્ષ 2014 પહેલા, માત્ર થોડાક નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ હતા જ્યારે આજે લગભગ 1.25 લાખ છે. તેમણે નોંધ્યું કે, ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિની વાસ્તવિક ઓળખ એ છે કે આ સ્ટાર્ટઅપ દેશના 600 થી વધુ જિલ્લાઓમાં, દેશના લગભગ 90 ટકા વિસ્તારમાં ફેલાયેલા છે.

તેમણે કહ્યું કે ટિયર-2 અને ટિયર-3 શહેરોના યુવાનો સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યા છે અને નાના શહેરોના યુવાનોની ભવ્ય સફળતા ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિને આગળ વધારી રહી છે.

શ્રી મોદીએ ધ્યાન દોર્યું હતું કે ગામડાની મહિલાઓ કે જેમણે ક્યારેય સાઇકલ પણ ચલાવી ન હતી તે હવે ડ્રોન પાઇલટ બની રહી છે.

.................................

પુલ, અંકિત

# CBI-ED

રાષ્ટ્રીય તપાસ એજન્સી- CBIએ કોલકાતાના નિઝામ પેલેસ ઓફિસમાં નવ કલાકની લાંબી પૂછપરછ બાદ શેખ શાહજહાંના ભાઈ અને અન્ય બેની ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છે કે, શાહજહાંના ભાઈ શેખ આલમગીર અને અન્યોની 5મી જાન્યુઆરીએ ED ટીમ પર હુમલાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તેઓને મેડિકલ ચેકઅપ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. શેખ શાહજહાંના પરીચિતોની પૂછપરછ કરવા CBIની બીજી ટીમ ગઇકાલે સાંજે સંદેશ ખાલીના સરબેરિયા ગઈ છે.

.................................

પુલ, અંકિત

# ECI- MCC 01

ચાર રાજ્યોમાં લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત બાદ ચૂંટણી પંચે આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓના અસરકારક અમલ માટે નિર્દેશો જારી કર્યા છે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે ચૂંટણીની જાહેરાતના 24 કલાકની અંદર તમામ ભીંત લખાણો, પોસ્ટર- પેપર અથવા સરકારી મિલકત પર અન્ય કોઈપણ સ્વરૂપમાં જાહેરાતો દૂર કરવી. તમામ અનધિકૃત રાજકીય જાહેરાતો, દિવાલ લેખન, પોસ્ટરો, હોર્ડિંગ, બેનરના રૂપમાં જાહેર મિલકત, રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ જેવી જાહેર જગ્યાઓ પરની જાહેરાતો 48 કલાકમાં દૂર કરવામાં આવશે.

ખાનગી મિલકત પર પ્રદર્શિત અનધિકૃત રાજકીય જાહેરાતો ચૂંટણીની જાહેરાતના 72 કલાકની અંદર દૂર કરવામાં આવશે.

ચૂંટણી પંચે એમ પણ કહ્યું હતું કે, ચૂંટણી સંબંધિત કોઈપણ સત્તાવાર ફરજ બજાવતા અધિકારીઓ સિવાય કોઈ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર દ્વારા પ્રચાર માટે અથવા અમુક અપવાદને અનુરૂપ ચૂંટણી પ્રચાર માટે સરકારી વાહનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયામાં સરકારી તિજોરીના ખર્ચે સરકારની સિદ્ધિઓને હાઈલાઈટ કરતી કોઈ જાહેરાતો જારી કરી શકશે નહીં.

# ECI- MCC 02

કમિશને કહ્યું કે, ચૂંટણી દરમિયાન રાજ્યોમાં ફરિયાદ નિવારણ પદ્ધતિ રાખવામાં આવશે. જેનો ટોલ ફ્રી નંબર 1950 છે. ચૂંટણી પ્રવૃતિને લગતી જરૂરી માહિતી રેડિયો, ટીવી, સિનેમા અને સરકારી ચેનલ દ્વારા મતદાર શિક્ષણ સામગ્રી પ્રદર્શિત કરવામાં આવશે.

.................................

પુલ, અંકિત

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતના લક્ષ્ય સેન ગઇકાલે ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપના મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં ઈન્ડોનેશિયાના જોનાટન ક્રિસ્ટી સામે 1-2 હારી ગયા છે.

લક્ષ્ય સેન બીજી ગેમમાં પુનરાગમન કરવામાં સફળ રહ્યો હતો, પરંતુ અંતિમ મેચમાં તે નિષ્ફળ ગયો હતો. આ પહેલા ઈન્ડોનેશિયાના સ્ટાર શટલર એન્થોની ગિંટીંગે બર્મિંગહામમાં ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પાંચમ ક્રમની ગિંટીંગે ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવને 2-1 થી હરાવ્યો હતો. આજે ગિન્ટિંગ હવે જોનાટન ક્રિસ્ટી સામે ટકરાશે. ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં 1994 પછી પ્રથમ વખત ઓલ ઈન્ડોનેશિયન ફાઈનલ થશે.

.................................

પુલ, અંકિત

# Modi Andhra Pradesh today

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશની મુલાકાત લેશે અને પલનાડુ જિલ્લામાં એનડીએની ચૂંટણી  બેઠકમાં  હાજરી આપશે.

મીડિયાને સંબોધતા, પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડેએ જણાવ્યું હતું કે, મોદીની આગેવાની આ  હેઠળની બેઠક પલનાડુના ચિલાકાલુરી પેટામાં યોજાશે. ટીડીપીના વડા એન. ચંદ્રબાબુ નાયડુ અને જનસેનાના વડા પવન કલ્યાણ પણ આ બેઠકમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, ગઠબંધનના ત્રણ પક્ષો ટીડીપી, જનસેના અને ભાજપ 10 વર્ષ પછી મળી રહ્યા છે. શ્રી મોદી, શ્રી  નાયડુ અને  શ્રી કલ્યાણ લાંબા સમય બાદ એક જ ચૂંટણી મંચ પર જોવા મળશે. એનડીએના સાથી પક્ષોએ 11મી માર્ચે યોજેલી ચર્ચા બેઠક બાદ લોકસભા અને રાજ્યની ચૂંટણીઓ માટે સીટ-વહેંચણીની ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું.

જે હેઠળ ભાજપ છ લોકસભા અને 10 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે. જ્યારે ટીડીપી 17 સંસદીય અને 144 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે. જનસેના બે લોકસભા અને 21 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે.

..................................

પુલ, નીકિતા શાહ

# ADMIRAL LAXMINARAYAN RAMDAS

ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ નેવલ સ્ટાફ વડા-એડમિરલ લક્ષ્મીનારાયણ રામદાસનું ગઈકાલે વહેલી સવારે નિધન થયું હતું. ગઇકાલે સિકંદરાબાદના સ્વર્ગ વાટિકા  ખાતે તેમને  શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

તેમની ભારતીય નૌકાદળમાં 13મી ચીફ નેવલ સ્ટાફ સુધી કારકિર્દી વધી હતી. 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન, નવા રચાયેલા પૂર્વીય ફ્લીટના ભાગ રૂપે, INS બિયાસના કમાન્ડમાં, એડમિરલ રામદાસે પૂર્વ પાકિસ્તાનની સૌથી અસરકારક નૌકા નાકાબંધીમાં ભાગ લીધો હતો જેણે તેમના ૧૩ હજાર સૈનિકોને બહાર કાઢવાના પાકિસ્તાનના પ્રયાસને નિસફળ કરી આત્મ સમર્પણ કરાવ્યું હતું.

INS બિયાસે પૂર્વ પાકિસ્તાનમાં પ્રતિબંધિત વસ્તુઓ વહન કરતા મોટી સંખ્યામાં જહાજોને પણ કબજે કર્યા, કોક્સ બજાર પર બોમ્બમારો કર્યો અને ખાણકામ કરાયેલા વિસ્તારમાં લેન્ડિંગ અને અન્ય કામગીરીમાં ભાગ લીધો. એડમિરલ રામદાસને, ત્રીજો સર્વોચ્ચ વીરતા પુરસ્કાર- વીર ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો.

.................................

પુલ, અંકિત

# Haryana boiler explosion

હરિયાણાના રેવાડીમાં ગઇકાલે સાંજે એક ફેક્ટરીમાં થયેલા બોઈલર વિસ્ફોટમાં લગભગ 40 લોકો ઘાયલ થયા છે.

આ ઘટના શહેરના ધરુહેરા વિસ્તારમાં બની હતી. રેવાડીના સિવિલ સર્જન ડૉ. સુરેન્દ્ર યાદવે જણાવ્યું કે, ફેક્ટરીમાં બોઈલર ફાટવાની ઘટનામાં ઘણા લોકો દાઝી ગયા છે અને લગભગ 40 લોકો ઘાયલ થયા છે. એક વ્યક્તિની હાલત ગંભીર છે અને તેનેરોહતક રીફર કરવામાં આવ્યો છે. ઘાયલોને રેવાડીના સર શાદીલાલ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે અને હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

..................................

પુલ, નીકિતા શાહ

# WPL

મહિલા પ્રીમિયર લીગની ફાઇનલ મેચમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો સામનો દિલ્લી કેપિટલ્સ સામે થશે. મેચ નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCBએ શુક્રવારે એલિમિનેટરમાં મુંબઈ ઈન્ડિયન્સને પાંચ રનથી હરાવ્યું હતું. મેગ લેનિંગની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સે ટુર્નામેન્ટમાં આઠમાંથી છ મેચ જીતી છે. જ્યારે, રોયલ ચેલેન્જર્સ માત્ર ચાર મેચ જીતી શક્યું હતું.

……………………………

પુલ, અંકિત પ્રજાપતિ

# Vidhansabha - Petachuntani

કેન્દ્રીય ચૂંટણીપંચે ગુજરાતની પોરબંદર, માણાવદર, વીજાપુર, ખંભાત અને વાઘોડીયામાં ખાલી પડેલી વિધાનસભા બેઠકોની પેટાચૂટંણી પણ જાહેર કરી છે.

જ્યારે વિસાવદર બેઠક ઉપર અદાલતની કાર્યવાહીચાલતી હોવાથી પેટાચૂંટણી જાહેર કરાઇ નથી. પેટાચૂટંણી માટે મતદાન પણ 7મી મેના રોજ યોજાશે. જ્યારે 4 જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે.

................................

રિપીટ